**ગાંધીધામ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટેશન ડાયરી નં. ૨૪/૨૦૨૬, બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૬ મુજબના કામે કબજે કરેલ મુદામાલ વાહન પરત મેળવવાની અરજી તળે હુકમ : –**

(૧) અરજદારના વિ.વકીલશ્રી સાંભળ્યા, અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા.

(૨) હાલની અરજી આ કામના અરજદાર પદમારામ ઈશારા રામ તેમના પાવરદાર હનુમાન રામ ઠાકરા રામ, ઉ.વ.૪૩, રહે. ગામ ત્રીશુલીયા, બારમેર ખરદીયા કુર્દ, રાજસ્થાન તે ગાંધીધામ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટેશન ડાયરી નં. ૨૪/૨૦૨૬, બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૬ મુજબના કામે કબજે કરેલ મુદામાલ TATA MOTORS LTD TATA LPT 4832 BSVI 10X2 જેના રજી.નં. RJ-39-GB-7567 જેના ચેસીસ નં. MAT566223S1J24025 તથા એન્જીન નં. B6.7B62320D14152J64506255પરત મેળવવા રજૂ કરેલ છે.

(૩) સદરહુ અરજીના અનુસંધાને પંચનામું ધ્યાને લીધુ. પોલીસ અભિપ્રાય જોવામાં આવે તો, સામાવાળા/અરજદારના કબજાની ટાટા કંપનીની ટ્રક વાહન પરત નહીં આપવા અભિપ્રાય થાય છે તેમ જણાવેલ છે. આ મુદામાલ પંચનામામાં જણાવ્યા મુજબ સદર પોલીસ સ્ટેશનની હદમાંથી પંચો રૂબરૂ કબજે કરેલ છે. આ મુદામાલના કામે અરજદારના વિ.વ.શ્રીએ અરજદારના વાહનના આર.સી.બુકની નકલ , જગદંબા રોડ લાઈન્સ બીલ નં. ૨૧૬ ની નકલ, પાવરનામાની નકલ તથા આધાર કાર્ડની નકલ રજૂ કરેલ છે. આ કામે ઉપરોકત રજૂ દસ્તાવેજોની નકલો વંચાણે લેતા, મુદ્દામાલ પદમારામ ઈશારા રામ ના નામે આવેલ છે અને પદમારામ ઈશારા રામ એ હનુમાન રામ ઠાકરા રામને પાવરદારના આધારે સદરહુ મુદામાલ પરત મેળવવા હકકદાર છે, અરજદાર નામદાર અદાલત ધ્વારા અરજી મંજૂર કરતી વખતે ફરમાવવામાં આવેલ તમામ શરતોનું પાલન કરશે તેવી રજૂઆત કરેલ છે, સદર મુદામાલની પંચનામા સાથે ચકાસણી કરતાં મળી આવે છે. આમ, માંગણી મુજબનો મુદામાલ પોલીસ સ્ટેશનમાં ખોટી રીતે પડી રહેવાથી તેમાં મશીનરી અને સ્પેરપાર્ટસ નુકસાન થવાની સંભાવના છે અને તે સમયગાળા દરમિયાન સાર–સંભાળનાં અભાવે મુદામાલને નુકસાન થાય તેમ છે. અરજદાર સિવાય અન્ય કોઈએ મુદામાલ કલેઈમ કર્યાનું રેકર્ડ પર આવતું નથી. તેવા સંજોગોમાં ક્રિમિનલ પ્રોસિજર કોડના પ્રબંધો તથા આમ ઉપરની હકીકતો જોતાં અને **નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ સુંદર અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામના અરજદારને મુદ્દામાલ પરત સોંપવો જોઈએ તેમ ઠરાવવામાં આવે છે. જેથી તે અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

આ કામના અરજદાર પદમારામ ઈશારા રામ તેમના પાવરદાર હનુમાન રામ

ઠાકરા રામ, ઉ.વ.૪૩, રહે. ગામ ત્રીશુલીયા, બારમેર ખરદીયા કુર્દ, રાજસ્થાન તે ગાંધીધામ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટેશન ડાયરી નં. ૨૪/૨૦૨૬, બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૬ મુજબના કામે કબજે કરેલ મુદામાલ TATA MOTORS LTD TATA LPT 4832 BSVI 10X2 જેના રજી.નં. RJ-39-GB-7567 જેના ચેસીસ નં. MAT566223S1J24025 તથા એન્જીન નં. B6.7B62320D14152J64506255 જે મુદામાલ પંચનામામાં દર્શાવેલ છે, તે હાલના અરજદારે સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ મુદામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના બોન્ડ સાથેના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી વચગાળાની કસ્ટડીએ નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: શ ર તો :–</u>**

(૧) અરજદારે કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મુદામાલ કોઈને કોઈપણ રીતે વેચાણ, ગીરો, બક્ષિસ, તબદીલ કે હસ્તાંતર કરવું કરાવવું નહિં.

(૨) અરજદારે મુદામાલ નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યાં અને ત્યારે રજૂ કરવાનું રહેશે.

(૩) અરજદારે મુદામાલનો કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો કે કરાવવો નહિં.

(૪) આ કામના તપાસ કરનાર અમલદારશ્રીએ મુદામાલ વાહન પરત સોંપતાપહેલા અરજદારના ખર્ચે મુદામાલના બે–બે નકલમાં ફોટા વાહનના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર દેખાય તે રીતે પડાવી તેની એક નકલ કેસ પેપર્સ સાથે તથા એક નકલ અત્રેની કોર્ટમાં ખરાઈ અર્થે મોકલી આપવી.

(૫) સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

આજ રોજ તારીખ : ૦૬–ઠ્ઠી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

SD/-

**(એસ એ.ટેલર)**
અધિક ચીફ જયુ. મેજી.
ગાંધીધામ–કચ્છ.

તારીખ :– ૦૬/૦૬/૨૦૨૬.
સ્થળ :–ગાંધીધામ–કચ્છ.

*S.J.PARMAR-STENO*